
# બેંક મેનેજર

બેંક મેનેજર બેંક અથવા નાણાકીય સંસ્થાની શાખાની રોજિંદી કામગીરીનું સંચાલન કરવા માટે જવાબદાર છે.




## વ્યક્તિગત નિપુણતા

- તમે ગણિત વિષયમાં સારા છો
- તમે નેતૃત્વ કરવાનું કૌશલ્ય ધરાવો છે
- તમે લોકોને માર્ગદર્શન પુરું પાડીને કામ કરવા માટે પ્રેરી શકો છો
- તમને ઓફિસમાં કામ કરવાનું ગમે છો

ફી

એમ.બી.એ. માટેની સરેરાશ કોર્સ ફી આશરે **રૂ. ૨૦,૦૦૦ થી ૪૦,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

**સરકારી બેંકો**

૧) વાણિજ્ય અથવા વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન).

૨) કોઈ પણ વિષયમાં સ્નાતકનો અભ્યાસ પૂર્ણ કરો.

૩) આઈ.બી.પી.એસ. પી.ઓ.ની પરીક્ષા અથવા એસ.બી.આઈ. પી.ઓ. (ભારતીય સ્ટેટ બેંકમાં પ્રોબેશનરી ઓફિસર પરીક્ષા)ની પરીક્ષા પાસ કરો.

૪) બેંકની વ્યવસ્થાપન તાલીમ અકાદમીમાં પ્રવેશ પ્રશિક્ષણ પ્રાપ્ત કરો. પ્રોબેશન પર આસિસ્ટન્ટ મેનેજર તરીકે બેંકમાં જોડાઓ.

૫) ૩ થી ૫ વર્ષ બાદ તમે બેંક મેનેજર બની શકો છો.

**ખાનગી બેંકો**

૧) વાણિજ્ય અથવા વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન).

૨) એકાઉન્ટીંગ / અર્થશાસ્ત્ર / બિઝનેસ / ફાઈનાન્સ અથવા અન્ય સંબંધિત વિષયમાં સ્નાતકની પદવી પ્રાપ્ત કરો.

૩) ત્યારબાદ, સમાન અને સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરો.

૪) બેંક દ્વારા લેવામાં આવતી પ્રોબેશનરી ઓફિસરની પરીક્ષા પાસ કરો અને બેક વ્યવસાયી તરીકે બેંકમા જોડાઓ.

૫) બ્રાન્ચ મેનેજતર તરીકે બઢતી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

બેંક મેનેજરનો માસિક પગાર આશરે દર મહિને **રૂ. ૨૬,૬૬૭ થી ૧,૦૦,૦૦૦*** જેટલો અથવા તેથી વધુ હોય છે.

સ્ત્રોત: https://www.payscale.com/research/IN/Job=Bank_Manager/Salary

NCS Code: 1211.0100 BFSI18

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** જાહેર અને ખાનગી બેંકો

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ એક ડેસ્ક જોબ છે. સ્થાનિક મુસાફરી એ તમારી નોકરીની ભૂમિકાનો ભાગ નથી. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ દરરોજ ૮ થી ૯ કલાક કામ કરી શકો છો. સંસ્થા મુજબ તે બદલાઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

### અપેક્ષિત પ્રગતિ પથ

ઓફિસર → મેનેજર → સિનિયર મેનેજર → આસિસ્ટન્ટ જનરલ મેનેજર → જનરલ મેનેજર → એક્ઝિક્યુટિવ ડિરેક્ટર → ડિરેક્ટર → ચેરમેન

### સર્ચ માટેના કીવર્ડ્સ ...

બેંક પ્રોબેશનરી પરીક્ષા, સામાન્ય લેખિત પરીક્ષા, જનરલ મેનેજર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ કોર્સ ડિપાર્ટમેન્ટ ઓફ ફાયનાન્સ/બેંકિંગ/બિઝનેસ એનાલિસિસ દ્વારા ચલાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ
૨. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, બેંગ્લોર
૩. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, કલકત્તા
૪. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઑફ મેનેજમેન્ટ, કોઝિકોડ
૫. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, ઈન્દોર
૬. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, લખનૌ
૭. ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, દિલ્હી યુનિવર્સિટી
૮. ડિપાર્ટમેન્ટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે)

૧. ઝેવિયર સ્કૂલ ઓફ મેનેજમેન્ટ, જમશેદપુર
૨. મેનેજમેન્ટ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ (એમ.ડી.આઈ.), ગુડગાંવ
૩. એસ.પી.જે.આઈ.એમ.આર., મુંબઈ
૪. ટી. એ. પાઈ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટ, મણિપાલ
૫. ગ્રેટ લેક્સ ચેન્નાઈ - ગ્રેટ લેક્સ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ
૬. આઈ.બી.એસ. બિઝનેસ સ્કૂલ, હૈદરાબાદ
૭. ગોવા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ
૮. ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ ટેક્નોલોજી, ગાઝિયાબાદ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://swayam.gov.in/explorer?searchText=commerce
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

*NPTEL-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

### સાફલ્ય ગાથા

**અરુંધતી ભટ્ટાચાર્ય** એક નિવૃત્ત ભારતીય બેંકર અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ભૂતપૂર્વ ચેરપર્સન છે. તેઓ એસ.બી.આઈ.ના ચેરપર્સન બનનાર પ્રથમ મહિલા છે. ૨૦૧૬માં, ફોર્બ્સ દ્વારા તેણીને વિશ્વની ૨૫મી સૌથી શક્તિશાળી મહિલા તરીકે સૂચિબદ્ધ કરવામાં આવ્યા હતી. તેણીએ ૧૯૭૭ માં એસ.બી.આઈ.માં પ્રોબેશનરી ઓફિસર તરીકે તેમની કારકિર્દી શરૂ કરી. તેણીએ અંગ્રેજી સાહિત્યમાં માસ્ટર્સ ઓફ આર્ટ્સની પદવી પ્રાપ્ત કરેલી છે.*

સ્રોત: https://starsunfolded.com/arundhati-bhattacharya/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.